International Journal of Research in all Subjects in Multi Languages [Author: Dinaben B. Patel] [Subject: Education] I.F.5.984 [SJIF]
Vol. 6, Issue: 4, April: 2018 (IJRSML) ISSN: 2321-2853

# દક્ષિણ ગુજરાતની ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓનો સર્વગ્રાહી અભ્યાસ

દિનાબેન બાબુભાઈ પટેલ
કાર્યકારી આચાર્ય
શ્રીમતી સ.ક.બોરલાઈવાલા મહિલા અધ્યાપન મંદિર, બોરલાઈ, તા.ઉમરગામ જિ.વલસાડ, ગુજરાત

**૧. પ્રસ્તાવના**

પ્રાચીન સમયમાં બાળકોના વિદ્યાઅભ્યાસ માટે ઋષિ પરંપરા અમલમાં હતી. તે સમયમાં બાળકો ઋષિઓના આશ્રમમાં જઈ જ્ઞાન પ્રાપ્ત કરતાં હતાં. ઋષિ પરંપરા હેઠળ બાળકોને ચાર વર્ષની ઉંમરે તેનાં માતા-પિતા ઋષિના આશ્રમમાં મૂકી જતાં હતાં અને યુવાવસ્થાના પ્રવેશ સુધી તેને ત્યાં રહેવાનું અનિવાર્ય હતું. આ આશ્રમ પ્રણાલી મુજબ બાળકોને ભૌતિક, નૈતિક, આધ્યાત્મિક ઉત્કર્ષ માટે સંપૂર્ણ આજીવિકાલક્ષી અને જીવનલક્ષી શિક્ષણ પ્રાપ્ત થતું હતું. આ વૈદિકકાળથી આજદિન સુધીમાં શૈક્ષણિક વ્યવસ્થામાં અનેક પરિવર્તનો થતાં રહ્યાં છે.

પછાત વર્ગના આદિવાસી બાળકોમાં આ પ્રકારની આજીવિકાલક્ષી, જીવનલક્ષી અને સર્વાંગી વિકાસ સાધનારી, ચોક્કસ હેતુઓ સાથે, નઈ તાલીમ સંઘના વિચારો મુજબ પાયાની, બુનિયાદી કેળવણી આધારિત સ્વેછિક સંસ્થાઓ અને આદિજાતિ વિકાસ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર હસ્તક અનુસૂચિત જનજાતિની ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓ શિક્ષણક્ષેત્રે કાર્યરત છે ત્યારે વર્તમાન સમયમાં માનવ વિકાસના સાંસ્કૃતિક ઘડતર સમયે ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓની વિચારધારા અને આ સંસ્થાઓની સ્થિતિ કેવી છે? આ સંસ્થામાં કેવાં ફેરફારો થયાં છે? વર્તમાન પ્રવાહમાં તેવો કેવા સંઘર્ષ અનુભવે છે? વગેરે પ્રશ્નોની સમજ મેળવવા અને ભાવિ વિકાસના ઉકેલ શોધવાની દિશામાં સંસ્થાની સમગ્ર પ્રવૃતિઓ, તેમજ સંસ્થાના તમામ પાસાંને ધ્યાનમાં રાખી દક્ષિણ ગુજરાતની ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓનો સર્વગ્રાહી અભ્યાસ હાથ ધરી, શિક્ષણની ગુણવત્તાની અસરકારકતા વધારવાના ઉકેલો શોધવાની દિશામાં આગળ વધવાનો નમ્ર પ્રયાસ સંશોધકનો રહ્યો હતો.

**૨. સંશોધનના હેતુઓ**

પ્રસ્તુત સંશોધનના હેતુઓ નીચે મુજબ રાખવામા આવ્યાં હતા.

1. દક્ષિણ ગુજરાતની ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓના સંચાલન વિશે માહિતી મેળવવી.
2. દક્ષિણ ગુજરાતની ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓની શૈક્ષણિક બાબતોનો અભ્યાસ કરવો.
3. દક્ષિણ ગુજરાતની ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓની શૈક્ષણિક અને વહીવટી સમસ્યાઓ અને તેના સંભવિત નિરાકારણનો અભ્યાસ કરવો.
4. દક્ષિણ ગુજરાતની ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓના ભાવિ વિકાસની દિશાઓનો અભ્યાસ કરવો.
5. દક્ષિણ ગુજરાતની ઉત્તર બુનિયાદી આશ્રમશાળાની વિશેષતાઓ અને મર્યાદાઓનો અભ્યાસ કરવો.
6. દક્ષિણ ગુજરાતની ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓ પર આધુનિકરણની અસરનો અભ્યાસ કરવો.

**૩. સંશોધનના પ્રશ્નો**

પ્રસ્તુત સંશોધનના પ્રશ્નો નીચે મુજબ રાખવામા આવ્યાં હતા.

1. દક્ષિણ ગુજરાતની ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓમાં સંચાલન કેવું છે?
2. દક્ષિણ ગુજરાતની ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓની શૈક્ષણિક બાબતો કઈ કઈ છે ?
3. દક્ષિણ ગુજરાતની ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓની શૈક્ષણિક અને વહીવટી સમસ્યાઓ કઈ કઈ છે? અને તેના સંભવિત નિરાકરણ શું છે?

4. દક્ષિણ ગુજરાતની ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓના ભાવિ વિકાસની દિશાઓ કેવી છે?
5. દક્ષિણ ગુજરાતની ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓની વિશેષતાઓ શી છે? અને સંસ્થાની મર્યાદાઓ કઈ કઈ છે?
6. દક્ષિણ ગુજરાતની ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓ પર આધુનિકરણની અસર કેવી છે?

### ૪. વ્યાપવિશ્વ અને નમૂનાની પસંદગી

દક્ષિણ ગુજરાતનાં સાત જિલ્લાઓની તકેદારીની અધિકારીની કચેરી પાસેથી અનુસુચિત જનજાતિની ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓની યાદી મેળવ્યા મુજબ 41 ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓ વ્યાપવિશ્વ હતી. પ્રસ્તુત સંશોધનમાં દક્ષિણ ગુજરાતનાં સાત જિલ્લાઓમાં આવેલ વ્યાપવિશ્વમાંથી 33 ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓના તમામ 33 આચાર્યો, તમામ 116 શિક્ષકો તેમજ તમામ 33 સંચાલકોને નમૂનામાં સમાવિષ્ટ કરવામાં આવ્યા હતા.

### ૫. ઉપકરણો

પ્રસ્તુત સંશોધનમાં નીચે મુજબના ઉપકરણો હતા.
(1) પ્રશ્નાવલિ (2) અભિપ્રાયાવલિ

### ૬. સંશોધન પદ્ધતિ

પ્રસ્તુત અભ્યાસ દક્ષિણ ગુજરાતની ઉત્તર બુનિયાદી આશ્રમશાળાનો સર્વગ્રાહી અભ્યાસ હોવાથી સંશોધન પદ્ધતિઓમાંથી પ્રસ્તુત સંશોધન માટે વર્ણનાત્મક સંશોધન પૈકીની સર્વેક્ષણ અભ્યાસ પદ્ધતિ સંશોધનના વિષય માટે વધુ સુસંગત છે. તેથી સર્વેક્ષણ પદ્ધતિનો ઉપયોગ કર્યો હતો.

### ૭. માહિતીનું એકત્રીકરણ

પ્રસ્તુત સંશોધનમાં નામુનામાં સમાવિષ્ટ 33 ઉત્તર બુનિયાદી આશ્રમશાળાની રૂબરૂ મુલાકાત લઈ આચાર્યોને પ્રશ્નાવલિ, શિક્ષકોને અભિપ્રાયાવાલિ, માહિતી મેળવવામાં માટે આપવામાં આવી હતી. પ્રસ્તુત સંશોધન વિશે સમજાવવામાં આવ્યું હતું. માહિતી મેળવવા માટેની પ્રશ્નાવલિ અને અભિપ્રાયાવલિ પરત મેળવવા માટે એક એક ટિકિટ ચોંટાડેલ કવર પણ આપવામાં આવ્યું હતું. સર્વ ભરાયેલ ઉપકરણો સંશોધક પાસે આવી ગયા હતા. આમ, કુલ 33 ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓ પાસેથી માહિતી મેળવવામાં આવી હતી. તમામ ઉત્તરદાતાઓએ નિષ્ઠાપૂર્વક પ્રતિચારો આપ્યાં હતા.

### ૮.માહિતીના પૃથક્કરણ અને અર્થઘટન

આચાર્યો પાસેથી પ્રશ્નાવલિ દ્વારા સંખ્યાત્મક અને ગુણાત્મક માહિતી મેળવવામાં આવી હતી. પ્રસ્તુત પ્રશ્નાવલિના પૃથક્કરણમાં પ્રશ્નો અનુરૂપ મળેલ આવૃતિના આધારે શતમાન પ્રાપ્તાંકો (ટકાવારી) શોધી પ્રશ્નોનું વિશ્લેષણ કરવામાં આવ્યું હતું. શિક્ષકો માટેની અભિપ્રાયાવલિમાં વિધાનો પર પ્રાપ્ત માહિતી વર્ગીકૃત કરી હતી. દરેક વિધાન પર જે આવૃત્તિ મળે તેનો કાઈવર્ગની મદદથી પૃથક્કરણ કરવામાં આવ્યું હતું.

### ૯. સંશોધનનાં તારણો

**આચાર્યની પ્રશ્નાવલિના પ્રશ્નો આધારે મળેલા પ્રતિચારોનું પૃથક્કરણ અને અર્થઘટનના આધારિત તારણો નીચે મુજબ છે.**

### ૯.૧ શાળાના સંચાલન અંગેના પ્રાપ્ત તારણો

1. 1981 થી 1985ના સમયગાળા દરમિયાન દક્ષિણ ગુજરાતમાં સૌથી વધુ સંસ્થાની સ્થાપના કરવામાં આવેલ હતી. જ્યારે 2010 થી હાલ 2017ના અંત સુધીમાં એકેય ઉત્તર બુનિયાદી આશ્રમશાળાની સ્થાપના કરવામાં આવી હતી.
2. સમાજના અગ્રણીઓએ ગાંધી વિચારધારાથી અભિભૂત થઈ ગ્રામ, પછાત, આદિવાસી વિસ્તારોમાં બાળકોમાં શિક્ષણનું સ્તર ઊચું લાવવા તેમજ નઈ તાલીમના બુનિયાદીના મૂળભૂત તત્વો, ગાંધી રાગે રંગાયેલા સમાજના

અગ્રણીઓએ આ પ્રકારની સ્વૈછિક સંસ્થાઓની સ્થાપના કરી હતી અને પોતાની આગવી ઓડખ ઊભી કરવા સંસ્થાના પ્રતીકો અને સૂત્રો નિર્દેશ કરેલા હતા.

3. શાળામાં વસવાટ કરતી જનસંખ્યા સૌથી વધુ શાળાઓમાં 50 થી 100 વચ્ચે હતી. શાળાઓ મોટેભાગે આદિવાસી વિસ્તારમાં શિક્ષણ આપતી સસ્થાઓ હોવાથી ગ્રામ વિસ્તારમાં સમગ્ર શાળાઓ આવેલ છે. જ્યારે એક પણ શાળા શહેરી વિસ્તારમાં આવેલ નથી..
4. બધી જ મિશ્ર શાળાઓ હતી એટલે કુમાર અને કન્યાઓ સાથે એક જ ક્લાસમાં શિક્ષણ મેળવતા હતા. એક જ શાળા કુમારની હતી.
5. દરેક સંસ્થાને અનુદાન પ્રથા આવશ્કયતા લાગે છે. અને દર બે, ત્રણ, માસે ગ્રાન્ટ ચુકવવામાં આવતી હતી.મોટે ભાગે સરકાર તરફથી ચૂકવવામાં આવતી ગ્રાન્ટ નિયમિત હતી. તથા સમયાંતરે શાળાનું વહીવટી અને શૈક્ષણિક નિરીક્ષણ થાય છે.
6. મોટા શાળાઓનું મકાન સ્વેચ્છિક સંસ્થાઓએ પોતાનું કરેલ હતું.

## ૯.૨ શાળાની શૈક્ષણિક બાબતો અંગે પ્રાપ્ત તારણો

1. શાળમાં સમગ્ર વર્ષ દરમિયાન શિક્ષણ વિષયક, કારકિર્દી, પર્યાવરણ શૈક્ષણિક વ્યાખ્યાનો આયોજિત કરવામાં આવે છે.
2. શાળાઓમાં નિયમિત રીતે વિદ્યાર્થોના મૂલ્યાંક્ન થાય છે.
3. ઘણી શાળાઓમાં પ્રવચન દ્વારા તથા અમુક શાળાઓમાં શિષ્ટાચારથી બાળકોને પરીક્ષાના દૂષણોથી દૂર રાખવામા આવે છે. અને ઈલેકટ્રિક ઉપકરણો દ્વારા પ્રાયોગિક પરીક્ષા સમયે બાળકોને પરીક્ષાના ભેદભાવોથી દૂર રાખવામા આવે છે.તથા પરીક્ષાલક્ષી માર્ગદર્શનના કાર્યક્રમોમાં કારકિર્દી ઘડતર કાર્યક્રમો વધુ થતાં રહે છે.

## ૯.૩ શાળાની સમસ્યાઓ અને તેના સંભવિત નિરાકરણ અંગે પ્રાપ્ત તારણો

1. શાળાઓમાં અપૂરતો સ્ટાફ,ગ્રાન્ટ નો અભાવ, પાણીની તંગી અને તેના સંભવિત નિરાકરણ માટે સરકાર પાસે વધુ ગ્રાન્ટ માંગણી, સ્ટાફની ભરતી પ્રક્રિયા કરવી જ્યારે અનુદાન મેળવી સુવિધા કરી પાણીની તંગી દૂર કરવી.

## ૯.૪ શાળાની ભાવિ વિકાસની દિશાઓ અંગે પ્રાપ્ત તારણો

1. શાળાઓના દરેક કર્મચારીઓને ટેક્નોલોજીથી માહિતગાર કરવા, તથા અદ્યતન કમ્પ્યુટર રૂમ, પ્રાર્થનહોલ બનાવવો આ પ્રકારના સંસ્થાઓના ભાવિ વિકાસના આયોજનો હતા.
2. શાળાઓમાં કમ્પ્યુટર રૂમ બનાવી બાળકોને ગુણવત્તાલક્ષી શિક્ષણ આપવું, એવી સુધારવાલાયક બાબતો હતી.અને નવા સંશોધનોની જાણકારી દ્વારા સંસ્થાના તમામ કર્મચારીઓની કાર્યશૈલીમાં નવીનતા લાવી સંસ્થાને વધુ સફળ બનાવી શકાય છે

## ૯.૫ શાળાની વિશેષતાઓ અને મર્યાદાઓ અંગે પ્રાપ્ત તારણો

1. સંસ્થાનું ભાવાવરણ પ્રેમાળભર્યું તથા ઘણી શાળાઓમાં ભૌતિક સુવિધાઓ સારી હોવાની વિશેષતા જોવા મળી હતી. અને શાળાની વિશેષતાઓ સંચાલક મંડળ, શિક્ષકો, વાલીઓને આભારી હતી
2. શાળાઓમાં ઇન્ટરનેટ વાઈફાઈની સુવિધા નથી, બાળકો એક જ વાતાવરણથી સંકુચિતતા આવે એવી સમસ્યાઓ જોવા મળી અને તેના સંભવિત નિરાકરણમાં અન્ય દાન મેળવી સુવિધા ઊભી કરવી તથા સંસ્થાઓની મુલાકાત લઈ નવીન પ્રવૃતિઓ કરવી.

## ૯.૬ શાળાઓ પર આધુનિકરણની અસર અંગે પ્રાપ્ત તારણો

1. શાળાઓમાં છેલ્લા દશ વર્ષમાં વધુ અદ્યતન શૈક્ષણિક સાધનોનો ઉપયોગ, મૂલ્યાંકન પદ્ધતિમાં ફેરફાર, ઉદ્યોગોની જગ્યાએ કમ્પ્યુટર વિષય મૂકવો એવા ઘણા આધુનિકરણથી પરિવર્તનો આવ્યા છે.

2. શાળાઓમાં દશ વર્ષમાં કમ્પ્યુટરો શિક્ષણ ફરજિયાત, છાત્રાલય એટેચ રૂમ, કમ્પાઉન્ડ દિવાલ જેવા ભૌતિક પરિવર્તનો આવ્યા હતા.
3. શાળાઓના પ્રતિચારમાં વિદ્યાર્થીઓને કૃષિ વિષય ભણવાનું કે શાળા બહારની ગ્રામસફાઈ કરવામાં સંકોચ અનુભવતા હતા. અને વસ્ત્રવિદ્યા નહિવત રહ્યું હતું. આ પ્રકારના વૈચારિક પરિવર્તનો જોવા મળ્યા હતા. શાળાઓમાં મોબાઈલ ફોન ઉપયોગ કરવા સંમતિ હતી. અને શાળાઓએ પોતાના વાહનો વિકસાવ્યા નથી.
4. શાળાઓમાં સંચાલક મંડળની અનુમતિથી સ્માર્ટ ક્લાસ બનાવવાનું આયોજન જોવા મળ્યા હતા.

## ૧૦. ઉપસંહાર

પ્રસ્તુત સંશોધન ભવિષ્યમાં આ ક્ષેત્રમાં સંશોધન કરવા ઈચ્છતા સંશોધકોને માર્ગદર્શનરૂપ બની રહેશે. આશ્રમશાળાના સંદર્ભમાં કેવા કેવા વિષયો પસંદ કરીને અભ્યાસ હાથ ધરી શકાય તે અંગેનું જરૂરી માર્ગદર્શન પણ પ્રસ્તુત સંશોધનમાંથી મળી રહે છે. ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓમાં પરિવર્તનો લાવવા અને તે સંબંધી સુચારું ઉપાય હાથ ધરવા માટે આચાર્યો અને શિક્ષકોને પ્રસ્તુત સંશોધન ઘણું ઉપયોગી અને દિશાસૂચક બની રહેશે.

## સંદર્ભસૂચિ


૧. આચાર્ય, એમ.(૨૦૦૯). શિક્ષણમાં સંશોધનનું પદ્ધતિ શાસ્ત્ર.(પ્રથમ આવૃતિ) અમદાવાદઃ અક્ષર પબ્લીકેશન ગુજરાત રાજય પૃષ્ઠ-૨૫૦.

**૨.** ઉચાટ, ડી.એ(૨૦૦૯).શિક્ષણ અને સામાજિક વિજ્ઞાનોમાં સંશોધનનું પદ્ધતિ શાસ્ત્ર.(પ્રથમ આવૃતિ) સાહિત્ય મુદ્રાલય અમદાવાદ પૃષ્ઠ-૧૦૬.

૩. દેસાઇ, એચ.જી અને દેસાઇ કે.જી(૧૯૯૭). સંશોધનની પદ્ધતિઓ અને પ્રવિધિઓ (છઠ્ઠિ આવૃતિ) અમદાવાદ યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજય પૃષ્ઠ-૮૫.

૪. Best, J.W.(1953). Research in education (3rd edition), New Delhi: Prentice hall of India(Pvt.)Ltd. (Page no.-246).